પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૪૧ | ૧૦ નવેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; આસો વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

079 - 23213090

@ ₹ 149*
LUNCH*
(Unlimited)
10.30 A.M. TO 3-00 P.M.

NEO POLITAN PIZZA
ITALIAN PIZZERIA

Enjoy
Unlimited
Birthday Fun
& Kitty Party

104, Supper Mall-2, Infocity, Gandhinagar. Mo. 9574000422

*Condition apply

# સંસદનું શિયાળુ સત્ર ૨૬મીથી આરંભાશે



**બિહાર ચુંટણીમાં હાર બાદ એનડીએ સામે ઘણી મુશ્કેલીઓ : સંસદનું શિયાળુ સત્ર ૨૩મી ડિસેમ્બર સુધી ચાલશે : સવારે યોજાયેલી સંસદીય બાબતો અંગેની કેબિનેટ સમિતિની મિટિંગમાં અતિમહત્વપૂર્ણ નિર્ણય**

નવી દિલ્હી, તા. ૯

સંસદનું શિયાળુ સત્ર ૨૬મી નવેમ્બરથી શરૂ થઈ રહ્યું છે જે ૨૩મી ડિસેમ્બર સુધી ચાલનાર છે. સંસદીય બાબતની કેબિનેટ સમિતિ દ્વારા આજે આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે સવારે સંસદીય ગૃહમાં અતિમહત્વપૂર્ણ બેઠક મળી હતી, જેમાં સંસદનું શિયાળુ સત્ર ક્યારે બોલાવવામાં આવે તે અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ બેઠકનું નેતૃત્વ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સંસદમાં અતિમહત્વપૂર્ણ બિલ પસાર કરવા માટે સજ્જ દેખાઈ રહી છે. આવા સમયમાં જીએસટી બિલ, જમીન બિલ, રિયલ એસ્ટેટ બિલ અને અન્ય મહત્વપૂર્ણ બિલને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે. સંસદના શિયાળુ સત્રને લઈને આ વખતે ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું નથી. કારણકે, બિહાર વિધાનસભાની ચુંટણીમાં એનડીએની કારમી હાર થયા બાદ મોદી સરકાર સામે સુધારા પગલાઓને લઈને ચિંતા દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં સુધારા પગલા કઈ રીતે આગળ વધી શકે તેને લઈને પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. શિયાળુ સત્ર ભાજપની કારમી હાર વચ્ચે યોજાઈ રહ્યું છે. બિહારમાં વિધાનસભાની ચુંટણી માટેના પરિણામ ગઈકાલે જ જાહેર કરવામાં આવ્યા હતા. જેને લઈને એનડીએમાં સોંપો પડી ગયો હતો. એનડીએની કારમી હાર થઈ હતી. જયારે લાલુ યાદવ અને નિતિશકુમારના મહાગઠબંધનને જંગી જીત હાથ લાગી હતી. આ સત્ર ખૂબ જ તોફાની બને તેવા સંકેત દેખાઈ

● અનુસંધાન પાન-૭ પર

# પરમાણુ સક્ષમ અગ્નિ-૪ મિસાઈલનું પરીક્ષણ

**૪૦૦૦ કિલોમીટર સુધી ત્રાટકવામાં સક્ષમ : પરીક્ષણ વેળા ડીઆરડીઓના ટોચના અધિકારીઓ અને વૈજ્ઞાનિકો હાજર : સવારે ૯.૪૫ વાગ્યે સફળ પરીક્ષણ**

બેલાસોર, તા.૯

ભારતે આજે પરમાણુ સક્ષમ વ્યૂહાત્મક બેલાસ્ટિક મિસાઈલ અગ્નિ-૪નું સફળ પરિક્ષણ કર્યુ હતુ. આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટરની છે. ઓરિસ્સાના દરિયાકાંઠે વીલર આઈલેન્ડે એપીજે અબ્દુલકલામ આઈલેન્ડથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સવારે ૯.૪૫ વાગ્યે આનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરીક્ષણ કરવામાં આવ્યુ ત્યારે ટોચના સંરક્ષણ વૈજ્ઞાનિકો અને ડીઆરડીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જના ડિરેક્ટરે માહિતી આપતા કહ્યુ હતુ કે ટેસ્ટ ફાયરિંગને સંપૂર્ણપણે સફળતા મળી છે. આ મિસાઈલની સંપૂર્ણ રેન્જ અમલી રહી હતી. સવારે ૯.૪૫ વાગ્યે વીલર આઈલેન્ડ ખાતે આઈટીઆરના લોન્ચ સંકુલ-૪ પરથી આ મિસાઈલ લોન્ચ કરવામાં આવી હતી. આ મિસાઈલમાં અતિઆધુનિક સુવિધાઓ રહેલી છે.

અતિઆધુનિક મિસાઈલ વજનમાં પ્રમાણમાં ઓછી છે. આ મિસાઈલ ડીઆરડીઓ દ્વારા વિકાસના તબક્કામાં છે. અગ્નિ-૪ મિસાઈલનું ત્રીજી વખત ડેવલોપમેન્ટ ટ્રાયલ પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. ઓરિસ્સાના દરિયાકાંઠા પર રડાર અને ઈલેક્ટ્રો ઓપ્ટિકલ સિસ્ટમને પહેલાથી જ વ્યવસ્થિત કરી દેવામાં આવી હતી. આ મિસાઈલનું અગાઉ પરીક્ષણ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે આ જ જગ્યાએ કરવામાં આવ્યુ હતુ.

આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટર છે. આ મિસાઈલ અતિ આધુનિક છે અને તેમાં પ્રકારની સુવિધાઓ રહેલી છે તેવું જાણવા મળ્યુ છે. અગ્નિ-૪ મિસાઈલના પરિક્ષણ ઉપર તમામ લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. આ મિસાઈલની લંબાઈ ૨૦ મીટરની અને વજન ૧૭ હજાર કિલોગ્રામ જેટલું છે. જ્યારે ઓપરેશનલ રેન્જ ૪૦૦૦ કિલોમીટરની જ છે.






(તસવીર : કમલેશ શાહ)

**બેટી બચાવો - બેટી પઢાઓ :** દિવાળી પર્વોમાં પણ સામાજીક જાગૃતિનું ઉત્તમ ઉદાહરણ આંગણે સજાવેલી રંગોળીમાં ઉપસે છે... સમયના અણસાર મુજબ બેટી બચાવો અભિયાન સરકાર અને સમાજ સાથે રહીને ચલાવે છે... વ્યક્તિગત જીવનમાં સામાજીક જવાબદારીએ ચરિતાર્થ કરવાની વિશિષ્ટ ભૂમિકા જાણીતા કલાકાર જગદીપ મહેતા અને પરિવારે અદા કરી છે... દિવાળી પર્વે આંગણે સજાવેલી રંગોળીમાં સામાજીક ચેતનાનું દીપ પ્રગટાવવા અને આવતીકાલના જનજીવનમાં રંગ પૂરવા સજાવેલી રંગોળી ખૂબ જ અર્થપૂર્ણ અને ભાવનાસભર છે... પ્રેરક અને પ્રોત્સાહક રંગોળી આપણા સૌના અંતરના ઉંડાણમાં બેટી બચાવોનો અજવાસ અને બેટી પઢાઓના ભાવરંગો પ્રગટતા રહે - પ્રસરતા રહે એ જ દિપાવલી પર્વની પ્રાર્થના છે....

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ

શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ

ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area
● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અધતન કીચન તથા વોશ એરિયા
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા
● અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

# જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ૧૮૨ બેઠકો માટે ૪૨૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

**કોંગ્રેસની યાદી આજે પણ જાહેર ના થતાં મેન્ડેટ વિના છુટા છવાયા ફોર્મ આગેવાનોએ ભર્યા**

ગાંધીનગર, તા. ૯

સ્થાનિક સ્વરાજ્યની ૧૮૨ બેઠકો માટે આગામી ૨૯મીએ યોજાનારી ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરવાની આડે હવે એક દિવસ બાકી છે ત્યારે રાજકીય આગેવાનોએ ચૂંટણી અધિકારીની કચેરીઓ પર દોડ મુકી હતી. આજે એક જ દિવસમાં ૪૨૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૩૦ બેઠક માટે ૬૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે જેમાં સૌથી વધુ ઉમેદવારી ગાંધીનગર તાલુકામાં ૨૦ ઉમેદવારોએ, કલોલમાં ૧૭, દહેગામમાં ૧૫ અને માણસામાં ૧૫ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

આજે ઉમેદવારી નોંધાવવામાં ભાજપના ઉમેદવારો સૌથી વધુ રહ્યા છે. કોંગ્રેસ પક્ષ દ્વારા છુટી છવાઈ ઉમેદવારી નોંધાઈ છે. જોકે કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ એટલી બધી છે કે એક દિવસ બાકી હોવા છતાં યાદીને આખરી રૂપ આપી શકાયુ નથી.

આજે સૌથી વધુ ઉમેદવારી પત્રો કલોલ નગરપાલિકા માટે નોંધાયા છે. ૪૪ બેઠક માટે ૮૯ ઉમેદવારોએ આજે ઉમેદવારી નોંધાવી છે. તો દહેગામ નગરપાલિકાની ૨૮ બેઠકો માટે ૫૦ ઉમેદવારીપત્રો ભરાયા છે.

તાલુકા પંચાયતની ચૂંટણી માટે પણ સૌથી વધુ ઉમેદવારી પત્રો કલોલ તાલુકા પંચાયતમાં ભરાયા છે. કલોલ તાલુકાની ૨૮ બેઠકો માટે ૭૯ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. દહેગામની ૨૮ બેઠક માટે ૬૯ ઉમેદવારોએ અને માણસાની ૨૪ બેઠકો માટે ૬૯ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

આમ તાલુકા પંચાયત માટેની ૮૦ બેઠક માટે ૨૧૭ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યું છે. જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો માટે ૬૭ અને કલોલ-દહેગામ નગરપાલિકાની ૭૨ બેઠકો માટે ૧૩૯ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. મંગળવાર ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે.

## કલોલ પાલિકા માટે ૪૭ ઉમેદવારો છેલ્લી ઘડીએ આવતા ટોકન અપાયા

ગાંધીનગર, તા. ૯

કલોલ નગરપાલિકાની ૪૪ બેઠકો માટે ઉમેદવારોના ઘસારાને લઈ કોઈ રહી ના જાય તે માટે તંત્રએ આજે ત્રણ વાગ્યા સુધીમાં ઉમેદવારી નોંધાવવા આવનાર ૪૭ ઉમેદવારોને ટોકન આપ્યા હતા.

આજે આ નગરપાલિકા માટે ૮૯ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં નવ જેટલા અપક્ષ ઉમેદવારો ઉપરાંત ભાજપ-કોંગ્રેસના ૪૦-૪૦ જેટલા ઉમેદવારોનો સમાવેશ થાય છે.

કલોલમાં નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવા માટે મંગળવાર અંતિમ દિવસ છે. અંતિમ દિવસે પણ આવો જ ઘસારો રહેશે તેમ મનાઈ રહ્યું છે.

નગરપાલિકામાં ઉમેદવારો દ્વારા ટોકનને આધારે ૪.૩૦ સુધી ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા ચાલી હતી.